# Your DSHS Cash or Food Benefits (આપના DSHS રોકડ કે ભોજન લાભો)

Washington State Department of Social & Health Services

| ગ્રાહકનું નામ (ઘરના પ્રમુખ) |
|---|
| ગ્રાહક ઓળખ ક્રમાંક |

| **DSHS** રોકડ અનુદાન<br>**TANF,** શરણાર્થી રોકડ, **ABD** રોકડ, મનોરંજન |
|---|

☐ **ઉદ્દેશ્ય**

DSHS જાહેર સહાય કાર્યક્રમ હેઠળ લાયક ઠરેલ તેવા ઓછી આવક ધરાવતા નિવાસીઓને રોકડ અનુદાન પુરું પાડે છે.

આ લાભો તમને પ્રાથમિક જીવન જરુરીયાત ખર્ચાઓને પહોંચી વળવામાં સહાયક બને છે. (RCW 74.04.770).

TANF રોકડ અનુદાનનો ઉપયોગ માત્ર તમારા બાળકોના લાભો માટે જ ઉપયોગ કરવાનો રહેશે. તમે આ અનુદાનનો ઉપયોગ બાળકોની જરુરીયાતો પૂરી કરવામાં વાપરી રહ્યા છો તેના પુરાવા માંગી શકીએ છીએ. (RCW 74.12.260).

---

☐ **યોગ્ય ઉપયોગ**

તમે તમારા રોકડ અનુદાનનો ઉપયોગ નીચે દર્શાવેલ જીવનનિર્વાહના ખર્ચાઓ માટે કરી શકો છોઃ

- આશ્રણય
- ઇંધણ
- ભોજન
- પરવહન
- કપડાં
- ઘરની જાળવણી
- વ્યક્તિગત આરોગ્ય
- રોજગાર ખર્ચાઓ

☐ **ગેરકાયદેસર વપરાશ**

RCW 74.08.580 હેઠળ Electronic Benefit Transfer (ઇલેક્ટ્રોનીક બેનીફીટ ટ્રાન્સફર, EBT) કાર્ડસ કે તેની રોકડનો નીચે માટે વપરાશ કરવો કાયદેસર નથીઃ

- જુગાર. જેમાં લોટરી ટીકીટ્સ, પુલ ટેબ્સ, પંચ બોર્ડસ, બિંગો, ઘોડાન રેસ, કેશીનોની રમતો તથા RCW 9.46, 67.16 તથા 67.70 માં નિર્દિષ્ટ નસીબ અજમાવતી કોઈપણ રમતો.
- દુકાનોમાંથી ટેટૂ (છુંદણા), શરીર શ્રૃગાંરની સેવાઓ.
- સીગારેટ કે તમ્બાકુ ખરીદવા.
- મધપાનને લગતી ચીજ-વસ્તુઓ.
- નીચેમાંથી ચીજ-વસ્તુઓ કે સેવાઓ ખરીદવી.
  - દારુના પીઠા.
  - SNAP કે WIC વિક્રેતા તરીકે અધિકૃત ન હોય તેવી દારુ- કે બિયની દુકાનો.
  - નાઈટક્લબો.
  - જામીન બોન્ડ એજન્સીઓ.
  - જુગારના પીઠાઓ.
  - પુખ્તવયનાઓ માટે શૃગાંરિક પ્રદર્શન અને મનોરંજનના સ્થળો
  - 18 વર્ષથી ઓછીવયનાને પ્રવેશ પ્રતિબંધિત હોય તેવા કોઈપણ સ્થળો
    - જેમ કે ગાંજા નશીલા પદાર્થના વિક્રેતાઓ જ્યાં ગાંજાની બનાવટો વેચાતી હોય છે.

| **DSHS** ખાદ્યખોરાકી લાભો |
|---|

☐ **ઉદ્દેશ્ય**

DSHS ભોજન સહાય કાર્યક્રમમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- Basic Food (પ્રાથમિક ભોજન).
- કાયદેસરના આપ્રવાસીઓ માટે Food Assistance Program (પોષણ સહાય કાર્યક્રમ, FAP).
- Washington Combined Application Project (વોશિંગ્ટન સંયુક્ત એપ્લીકેશન યોજના, WASHCAP).
- Transitional Food Assistance (સંક્રતિકાળ ભોજન સહાયતા, TFA).

આ કાર્યક્રમો ઓછી આવક ધરાવતા લોકોને ભોજન ખરીદવા માટે electronic benefits transfer (ઈલેકટ્રોનીક બેનિફીટ ટ્રાન્સફર, EBT) કાર્ડ્સ દ્વારા સહાય પૂરી પાડે છે.

---

☐ **યોગ્ય ઉપયોગ**

તમે અને તમારું કુટુંબ તમારા ભોજન લાભોનો ઉપયોગ USDA, Food and Nutrition Service (ભોજન અને પોષણ સેવા, FNS) દ્વારા અધિકૃત કરાયેલ રીટેલર પાસેથી ભોજન ખરીદવા કરી શકો છો.

તમારા લાભોનો ઉપયોગ તમે નીચે મુજબ ખરીદી કરવા કરી શકો:

- બ્રેડ અને અનાજ.
- ફળો અને શાકભાજીઓ.
- ચીઝ, દૂધ અને ડેરીના ઉત્પાદનો.
- માંસ, માછલી, મરઘાં અને ઈંડા.
- તૈયાર રાંધેલ ગરમ ભોજન સિવાય મોટા ભાગનો ખોરાક.
- ભોજન તૈયાર કરતાં બીજ અને છોડ.

---

☐ **ગેરકાયદેસર વપરાશ**

નીચે મુજબનો વપરાશ ગેરકાયદેસર લેખાશે:

- કુટુંબના સભ્યો માટે ભોજન સિવાય અન્ય ચીજવસ્તુઓ ખરીદવા ભોજન લાભોનો વપરાશ કરવો.
- તમારા EBT cardને વેચવું કે તેવો પ્રયત્ન કરવો.
- કોઈપણ મૂલ્ય (તસ્કરી) માટે તમારા લાભ કે તમારા EBT કાર્ડથી ખરીદાયેલ ભોજન બીજાને આપવા.

  રોકડ, દવા-દારુ કે હથિયારોની તબદીલી એટલે ગેરકાયદેસર તસ્કરી.
- તમારા કુટુંબના સભ્ય સિવાય અન્યને તમારા લાભો આપવા.
- ભોજન સિવાયની સામગ્રી ખરીદવા લાભોનો ઉપયોગ કરવો જેમ કે સીગારેટ, તમ્બાકુ, દારુ, લીકર, ઘરવખરી, સાબુ, પેપર ઉત્પાદનો, વિટામીન્સ, દવાઓ કે પાલતુ પ્રાણીઓ માટેનો ખોરાક વિગેરે.
- ક્રેડીટ ખાતાઓમાં ચૂકવણી માટે તમારા ભોજન લાભોનો વપરાશ કરવો.



Barcode label

14520

| DSHS રોકડ અનુદાનો<br>TANF, શરણાર્થી રોકડ, PWA, ABD રોકડ, મનોરંજન | DSHS ભોજન લાભો |
|---|---|
| ☐ **ગેરકાયદેસર વપરાશ માટે દંડ**<br>જો તમે તમારું EBT કાર્ડ કે તેમાંથી રોકડનો ગેરકાયદેસર કે અયોગ્ય રીતે વપરાશ કરો તો અમે નીચેના પગલાં લઇ શકીશું:<br>• તમારા રોકડ અનુદાનના સંચાલન માટે સુરક્ષાત્મક ચૂકવણીકર્તા નીમીએ.<br>• તમારા આશ્રિત બાળકો માટે અનુદાન વાપરી રહ્યા છો તેની ખાતરી માટે પુરાવા માંગીએ.<br>• તમારા રોકડ લાભો અટકાવી દઈએ.<br>• ફોજદારી કાર્યવાહી સહિતના કાયદેસરના પગલાં ભરીએ.<br><br>☐ **Automated Teller machine (ઓટોમેટેડ ટેલર મશીન, ATM) ની EBT ઉપાડની ફી**<br>કોઇપણ એટીએમ ખાતે જ્યારે તમે તમારા EBT કાર્ડ દ્વારા રોકડ ઉપાડ કરો છો ત્યારે:<br>• ATM માલિક કે મશીન ચલાવતી બેંક સરચાર્જ ફી વસૂલી શકેછે.<br>• ડિપાર્ટમેન્ટ વસૂલ કરાયેલ ATM સરચાર્જની ફી તમને ચૂકવી કે ભરપાઇ નહીં કરી આપે.<br>• જો કે કેટલાક સ્ટોર્સમાંથી ફી વગર તમે કેશ બેક પ્રાપ્ત કરી શકશો. | ☐ **ગેરકાયદેસર વપરાશ માટે દંડ**<br>જો તમે તમારા ભોજન લાભોનો ઈરાદાપૂર્વક દુરપયોગ કરશો તો નીચે મુજબ બની શકેઃ<br>• લીધેલા લાભોને પરત ચૂકવવા પડશે.<br>• તમે ગેરલાયક ઠરશો અને તમારા લાભો ગુમાવશો:<br>  ○ ઓછામાં ઓછા એક વર્ષ માટે.<br>  ○ જીંદગીભર.<br>  ○ અન્ય રાજ્યમાં સ્થળાંતર કરો તો પણ લાભ માટે ગેરલાયક ઠરી શકો.<br>• દંડ લાગુ પડી શકે છે.<br>• ફોજદારી કાર્યવાહી સહિતના કાયદેસરના પગલાંઓ લેવાઇ શકે છે.<br>ભોજનલાભોની તસ્કરી સામે કાર્યવાહી કરવા DSHS રાજ્ય, સ્થાનિક અને ફેડરલ સત્તાને સાથ-સહકાર આપશે. |

અહીં નીચે સહી કર્યેથી હું સંમત થાઉં છું કે DSHS રોકડ અને ભોજન લાભોના કાયદેસર તથા યોગ્ય ઉપયોગ-વપરાશ અંગે મને સમજ આપવામાં આવી છે. હું લાભોનો યોગ્ય ઉપયોગ સમજું છું અને ગેરકાયદેસર ઉપયોગનો દંડ પણ જાણું છું. જો હું આ ફોર્મમાં સહી ના કરું તો પણ હું DSHS લાભો અંગે મારી લાયકાતને કોઇ અસર થશે નહીં તે સમજું છું. જે કોઈ વ્યક્તિ આ ફોર્મમાં સહી ના કરે તે હજુ પણ લાભોના ગેરકાયદે ઉપયોગ બદલ કાર્યક્રમ કે ફોજદારી દંડને પાત્ર છે.

હું માનું છું કે મારું EBT કાર્ડ હું મારું કાર્ડ ક્યાં વાપરું છું તે સહિત મારા વ્યવહારોના રેકર્ડ મુજબ મને DSHS પૂરા પાડે છે. હું સમજું છું કે DSHS આ માહિતીનો ઉપયોગ અને મારા રીપ્લેશમેન્ટ કાર્ડ્સની વિનંતીઓના રેકર્ડનો ઉપયોગ રોકડ અનુદાન કે ભોજન લાભોના દુરપયોગની તપાસ માટે કરી શકે છે.

| અરજદારની સહી | તારીખ |
|---|---|
| | |

☐ સહી કરવા ઇનકાર કરું છું; DSHS સ્ટાફની સહી__________